ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને ચોથા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખની સમાનફાળાની ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૩-૨૪)

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ SJED /MIS/e-file/17/2023/3578/A-1**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B

(૨) આ વિભાગનો ૧૯/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2023/1091/A-1

(૩) આ વિભાગનો ૧૭/૦૧/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/3578/A-1

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૯/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૧૬૪૬-૪૭

**આમુખઃ-**

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ માટે આ વિભાગના નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાનફાળાની ગ્રાન્ટ પેટે રૂ.૧૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) દ્વારા ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને સમાન ફાળા પેટે અનુક્રમે પ્રથમ હપ્તાની ૩૭.૫૦ લાખની તથા બીજા અને ત્રીજા હપ્તા પેટે કૂલ ૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે સમાનફાળાની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૫૦.૦૦ લાખની જોગવાઇમાંથી હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૧૯/૦૨/૨૦૨૪ના પત્રથી ચોથા હપ્તા પેટે રૂ.૩૭.૫૦ લાખ(૨૫% લેખે)ની સમાનફાળાની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Mar-2024 (05:24 PM)

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ માટે સમાનફાળાની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૫૦.૦૦ લાખની જોગવાઇમાંથી ચોથા હપ્તા પેટે રૂા.૩૭.૫૦ લાખ(૨૫% લેખે)ની સમાનફાળાની ગ્રાન્ટ ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

1. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
2. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
3. સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
4. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.
7. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
8. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર:૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર:૮૦૦ અન્ય લોન, પેટા સદર: ૦૪ એમએનટી-



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Mar-2024 (05:24 PM)

૧૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સમાન ફાળે પેટે ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને લોન હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

3. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Mar-2024 (05:24 PM)

**(કલ્પના રાણા)**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ,

ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં વિભાગ (ક-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ